# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

**(CLOSING MUSIC)**

# SEVA SANKALP ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 25 વર્ષની સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત રાજ્યમાં ચાર પવિત્ર સ્થળોએથી આજે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આજે શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના પટાંગણમાંથી “સોમનાથ થી વડનગર સેવાયાત્રા” બાઈક રેલીને લીલી ઝંડી આપી. અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતેથી પણ રાજ્ય કક્ષાના મંત્રી પ્રવિણ માળી અને પી. સી. બરંડાની ઉપસ્થિતિમાં બાઈક રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શામળાજીથી શરૂ થયેલી બાઈક રેલી સાબરકાંઠા જિલ્લામાંથી થઈને અંબાજી પહોંચશે. આ અંગે રાજ્યમંત્રી પ્રવીણ માળીએ વધુ માહિતી આપી.

## (BYTE – PRAVIN MALI, STATE-LEVEL MINISTER)

*("શામળાજી ભગવાનના દર્શન કરી, વૃક્ષારોપણ કરી, સ્વચ્છતા કરી, બાઇક રેલીનું સમાપન સ્ટાર્ટ કરી અહીંથી અને આજના દિવસે એ સમાપન અંબાજીમાં થશે. એના પછી વાવ થરાદ જશે, એના પછી આગળની યાત્રા ધીમે ધીમે વધતી એ વડનગર સુધી પહોંચશે અને એ વડનગરથી પછી યાત્રા વારાણસી સુધી જવાની છે. એટલે એવી એની શરૂઆત આજે ગુજરાતના અનેક ખૂણાથી થઈ રહી છે, જેમ અંબાજી છે, ઉનાઈ માતા છે, સોમનાથ છે, એમ આ ભાગની યાત્રા આજે શામળાજીથી શરૂઆત કરી છે. શામળાજીને પ્રાર્થના કરી છે કે જનસેવાની અંદર, જનકલ્યાણમાં સૌની રક્ષા કરે.")*

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં શ્રી વાળીનાથ ગુરુકુળનું લોકાર્પણ કર્યું. અમારા મહેસાણાના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે આ અવસરે આયોજિત સમારોહમાં શ્રી પટેલે યુવાનોને મોબાઈલ સ્ક્રીનથી દૂર રહી મેદાનમાં શારીરિક રમતો રમવા અને વ્યસનમુક્તિના અભિયાનમાં જોડાવા હાકલ કરી હતી.

અહી ભક્તોની સુવિધા માટે સોલર અને ઇલેક્ટ્રીકલની કામગીરી માટે 2 કરોડ 69 લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનું ઉપસ્થિત ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ બાબુ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમ અગાઉ મુખ્યમંત્રીએ મંદિરના પ્રાંગણમાં ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

# GUJARAT RAIN

લાંબા વિરામ બાદ રાજ્યમાં ફરી એકવાર મેઘરાજાએ પધરામણી કરી છે. આજે રાજ્યના 126 તાલુકામાં મેઘમહેર થઈ છે. તેમાંય ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના અહેવાલ છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આજે ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો છે. સુરતના અંબિકામાં અઢી ઇંચ તેમજ નર્મદાના ગરુડેશ્વર, ડેડીયાપાડામાં બે ઇંચ વરસાદ વરસ્યો છે. વલસાડના ધરમપુર અને છોટાઉદેપુરના નસવાડીમાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ડાંગમાં સતત પડી રહેલા વરસાદને કારણે ગીરાધોધનું સૌંદર્ય ખીલી ઉઠ્યુ. મોટી સંખ્યામાં લોકો ગીરાધોધને જોવા માટે ઉમટી પડ્યા. ભરૂચ જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ભારે વરસાદને કારણે તાપી જિલ્લાના ઉકાઇ ડેમના ઉપરવાસમાંથી 80 હજાર 259 ક્યુસેક પાણીની આવક થઈ છે. બીજી તરફ નવસારી અને વલસાડમાં આજે અતિભારે વારસાદનું રેડ એલર્ટ અપાયું છે. જ્યારે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં કેટલાક જિલ્લામાં પણ આજે ભારે વરસાદની આગાહી છે.

# SURAT CIVIL

સુરતની નવી સિવિલ હોસ્પિટલની કિડની બિલ્ડીંગ ખાતે આજે 30 બેડના અદ્યતન ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં મેડિકલ અને સર્જિકલ આઈ.સી.યુ.નું 10 બેડથી વધીને 20 બેડમાં વિસ્તરણ, અંગદાનના દર્દીઓ માટે આઈસોલેશન આઈ.સી.યુ., ઇમરજન્સી વિભાગનું અપગ્રેડેશન તેમજ હેલ્પ ડેસ્ક જેવી અદ્યતન તબીબી સુવિધાઓનો પણ શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી પાનશેરિયાએ જણાવ્યું કે, આ અત્યાધુનિક સુવિધાઓથી જરૂરિયાતમંદ દર્દીઓને વધુ સુલભ, ઝડપી અને ગુણવત્તાસભર સારવાર મળી રહેશે.

## (BYTE: PRAFULL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)

*(સામાન્ય પબ્લિકને અહીંયા આવતા તો કલાક દોઢ કલાક વેટિંગમાં બેસવું એ બિલકુલ નહીં બેસવું પડે કારણ કે એમના જે સંખ્યા દર્દીઓની આવતી એના કેલ્ક્યુલેશન આધારિત થી પણ વધુ બેડ અને ડાયાલિસિસ મશીન મૂકવામાં આવ્યા છે.")*